**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

---

વંચાણેઃ કુલસચિવશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ નકૃયુ/રજી/એડીએમ/૩૦૦૨–૨૨/૨૦૧૬ તા.૨૫/૦૨/૨૦૧૬

---

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, ઉજાસ મેગેઝિન, સુરત તરફથી આપણી યુનિવર્સિટીનો ખાસ વિશેષાંક બહાર પાડવામાં આવનાર છે. આ માટે વંચાણે લીધેલ પત્ર મુજબ વિશેષાંક માટેની માહિતી અત્રેની કચેરીને દિન–૧૦માં મોકલી આપવા જણાવેલ હતું, પરંતુ હજુ અમુક વિભાગોની જ માહિતી અત્રે મળેલ છે.

હવે પછી જે યુનિટ/સબ યુનિટ કચેરીઓએ ઉપર્યુકત માહિતી હજુ સુધીમાં મોકલાવેલ ન હોય તેમણે તા.૧૬/૦૪/૨૦૧૬ સુધીમાં સદરહુ માહિતી ગુજરાતી LMG-Arun 14 Fontમાં તૈયાર કરીને સાથે હાઈ રિઝોલ્યુએશનવાળા ફોટોગ્રાફસ JPG ફોર્મેટમાં અત્રેની કચેરીના ઈ–મેઈલ **info-dee@nau.in** પર મોકલી આપવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/ વેબ–૭૫/૨૦૧૬
નવસારી તા.૨૨/૦૩/૨૦૧૬

**પ્રતિ :**
વંચાણે લીધેલ કાર્યવાહી નોંધ મુજબ અમલ કરનાર તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

**ઉજાસ મેગેઝીન, સુરત ધ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટી વિશેષાંક બહાર પાડવા અન્વયે કુલસચિવશ્રીની અધ્યક્ષતામાં ડીન/ આચાર્યશ્રીઓ, તેમજ તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓની તા.૧૧.૦૨.૨૦૧૬ના રોજ માનનીય કુલપતિશ્રીના સભાખંડમાં બપોરે ૦૩–૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યનોંધ:–**

---

આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

| અ.નં. | અધિકારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ.જી.જી.રાદડીયા | કુલસચિવશ્રી |
| ૨ | ડૉ. સુનીલ ચૌધરી | સહ સંશોધન નિયામકશ્રી |
| ૩ | ડૉ. જી. આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી |
| ૪ | ડૉ. એન. એચ. કેલાવાલા | ડીનશ્રી, વેટરનરી કોલેજ |
| ૫ | ડૉ. એમ.કે. એરવાડીયા | ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય |
| ૬ | ડૉ. બી.એન. પટેલ | ડીનશ્રી, અસ્પી બાગાયત –વ–વનીય મહાવિદ્યાલય |
| ૭ | ડૉ. એચ.આર. પંડયા | ડીનશ્રી, અસ્પી એગ્રી બીઝનેશ મેનેજ મેન્ટ |
| ૮ | ડૉ. વી. એ. સોલંકી | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ |
| ૯ | ડૉ. બી.એલ. રાદડીયા | નિયામકશ્રી, ઈન્ફોર્મેસન ટેકનોલોજી |
| ૧૦ | ડૉ. એચ.ટી. ભાલસોડ | કાર્યપાલક ઈજનેરશ્રી |
| ૧૧ | ડૉ. ડી.ટી. ચૌધરી | હિસાબ નિયામકશ્રી |

બેઠક દરમ્યાન કુલસચિવશ્રી ડૉ. જી.જી. રાદડીયાએ ઉજાસ મેગેઝીન, સુરત ધ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટીનો વિશેષાંક બહાર પાડનાર હોવાથી નવસારી કૃષિ યુનિવર્સિટીની માહિતી તૈયાર કરી ઉજાસ મેગેઝીનના તંત્રી–પ્રકાશક ઝૈતુન લાકડાવાલા (દેસાઈ) ૯૯૭૯૪૪૦૦૭૦ ને માહિતી પુરી પાડવાની થાય છે જે બાબત અંગેની સુચનાઓની જાણકારી ઉપસ્થિત તમામ સભ્યોને આપી. વિશેષાંક માટે જે માહિતી તૈયાર કરવાની થાય છે તે વાંચક વર્ગને સમજાય તેવી સરળ ગુજરાતી ભાષામાં તૈયાર કરી આપવાનું નકકી કરવામાં આવેલ છે. વિશેષાંક અંદાજીત ૧૦૦ પાનાનું પ્રસિધ્ધ થનાર છે જેને ધ્યાનમાં રાખીને માહિતી સંક્ષિપ્તમાં તૈયાર કરીને યુનિવર્સિટીની કામગીરીનું પ્રતિબિંબ થાય તે રીતે તૈયાર કરવી તથા સદર માહિતી નીચે મુજબના અધિકારીઓ ધ્વારા દિન–૧૦માં તૈયાર કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ.

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીની સ્થાપના, ગુજરાત રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓનો ઈતિહાસ અને ભૂમિકા, નવસારી કેમ્પસના કેન્દ્ર નિયામકશ્રીઓ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની યાદીને સંલગ્ન માહિતી

(અમલ: ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય)

૨. નવસારી કૃષિ યુનિવર્સિટીનો સીમ્બોલ, વીઝન, મેન્ડેટ અને મીશનને સંલગ્ન માહિતી,ગોલ્ડ મેડલસ, યુનિવર્સિટીમાં યોજાયેલ પદવીદાન સમારોહ, યુનિવર્સિટીમાં આવતા ડોનેશન જેવી તમામ બાબતોની માહિતી

(અમલ: કુલસચિવશ્રી)

વિ. શિ. નિ. શ્રી નવસારીની કચેરી
આવક નં. ૬૨૨
તારીખ...25 FEB 2016..

ટી-૨
25/2/16

૩. કૃષિ શિક્ષણ– કોલેજ, પોલીટેકનીકની સ્થાપ્ના, ઈતિહાસ, પ્રવેશક્ષમતા, શૈક્ષણીક લાયકાત, સીધ્ધીઓ, વિભાગો, વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ, એવોર્ડસ, ફેલોશીપ, ખેડૂતોપયોગી યોગદાન જેવી વિવિધ બાબતોની આવરી લેતી સંક્ષિપ્ત માહિતી.

(અમલઃ તમામ કોલેજો / પોલીટેકનીકોના આચાર્યશ્રીઓ)

૪. નવસારી કૃષિ યુનિવર્સિટીમાં ચાલતી કૃષિ સંશોધનને સંલગ્ન માહિતી, નવસારી કૃષિ યુનિવર્સિટીની મુલ્ય વર્ધિત પેદાશો અંગેની માહિતી, આગમી વર્ષોમાં સંશોધન બાબતેના વિઝનો તથા અત્રેની યુનિવર્સિટીના અન્ય યુનિવર્સિટી તથા સંસ્થાઓ સાથે થયેલ એમ.ઓ.યુ., યુનિવર્સિટીએ હાસલ કરેલ સીધ્ધિઓ, એવોર્ડસ જેવી તમામ બાબતોની માહિતી શકય હોયતો SWOT એનાલીસ આપવું.

(અમલઃ સંશોધન નિયામકશ્રી અને ડીન પીજી)

૫. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીખાતેના સરદાર સ્મૃતિ કેન્દ્ર, ATIC, અને મ્યુઝીયમની ઝાખી તથા કૃષિ વિસ્તરણનેસંલગ્ન તમામ માહિતી, પ્રમાણપત્ર અભ્યાસક્રમો, કૃષિ મહોત્સવો તથા પ્રસિધ્ધ થનાર ઉજાસ મેગેઝીનની કોમ્પાઈલેશનની કામગીરી.

(અમલઃ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી)

૬. નવસારી કૃષિ યુનિવર્સિટી, ખાતેના ભવન નિર્માણ તેમજ યુનિવર્સિટી હસ્તકના વિવિભ ભવનો/વિભાગોના ઉદ્‌ઘાટનોની તસ્વીરો અંગેની તમામ માહિતી.

(અમલઃ કાર્યપાલક ઈજનેરશ્રી)

૭. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં કાર્યરત વિદ્યાર્થી કલ્યાણની પ્રવૃત્તિઓ એન.સી.સી., એન.એસ.એસ., વિદ્યાર્થિઓએ મેળવેલ એવોર્ડસ/ સિધ્ધઓ, ધ્વજ વંદનની તસ્વીરો, પ્લેસમેન્ટ અંગેની તમામ માહિતી.

(અમલઃ નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ)

૮. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કાર્યરત વેબસાઈટ તથા ઓન લાઈન પ્રસિધ્ધ થતા મેગેઝીન / કિસાન મીત્ર, પ્રકાશનો તેમજ આઈ.સી.ટી. અંગેની તમામ માહિતી.

(અમલઃ નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી)

**નોધઃ મા. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર ઉપરોકત જુદા–જુદા વિભાગો તરફથી પુરી પાડેલ માહિતી, ફોટોગ્રાફસ તેમજ અન્ય વિગતો ઉજાસ મેગેઝીનના તંત્રી–પ્રકાશક યુનિવર્સિટી ખાતે મેળવવા માટે આવે ત્યારે પુરતો સહકાર આપી તમામ સાહિત્ય, ફોટોગ્રાફ વગેરેની સમજણ આપી ઉજાસ મેગેઝિનમાં યુનિવર્સિટીના લેખો વ્યવસ્થિત રીતે છપાયતે માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ સોફટ તેમજ હાર્ડ કોપીમાં પ્રકાશનને પહોચાડવાની રહેશે.**

જા.નં.નકૃયુ/રજી/એડીએમ/૩૦૦૨-૨૨/૨૦૧૬
નવસારી. તા. ૨૫/૦૨/ ૨૦૧૬

**ઈ/ચા. કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ**

બેઠકમાં હાજર રહેલ તમામ અધિકારીશ્રીઓ, તમામ ડીન/ આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ આપના વિભાગોની માહિતી સોફટ અને હાર્ડકોપીમાં (ફોટોગ્રાફ સાથે) તૈયાર કરી દિન–૧૦માં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટીને પહોંચતી કરવા જણાવવામાં આવે છે.